ગાંધીનગર સમાચાર

સલામી સવારની..

જીતે પક્ષ કોઈ પણ, સત્તા મારી જ હશે !
સાચું હોય કોઈ પણ, ચર્ચા મારી જ હશે !
માલિક ગમે તે હોય, મત્તા મારી જ હશે !
'સુપ્રીમ' કે કંઈ પણ, ઈચ્છા મારી જ હશે !

હાઈકુ

લ્યો ! લાયકાત -
અટક પાછળ 'ણી'
હોવો જરૂરી...
(જરૂરી ક્વૉલિફીકેશન)

ફૂંફાળો માર્યો !
પૂરો કરંડિયામાં -
બાંધો સામાન...
(નીતિનભાઈ રાજયપાલ પદ રાહ જુએ છે!)

ચિંતન

વિધૌ વિરુદ્ધે ન પયઃ પયોનિધૌ, સુધૌધસિન્ધ ન સુધા સુધા કરે ।
નવાચ્છિતં સિધ્યતિ કલ્પ-પાદપે ન હેમ હેમપ્રભવે ગિરાવપિ ॥

ઉપરોક્ત શ્લોક નિતિશતકમાંથી લેવામાં આવેલ છે.

જો નસીબ વાંકુ હોય તો, સમુદ્રમાં પણ જળ મળતું નથી, અમૃતના સાગર એવા સુધાકર ચંદ્રમાં પણ અમૃત મળતું નથી, કલ્પવૃક્ષ પર પણ મનોરથ સિદ્ધ થતો નથી અને સોનાના પર્વત પર પર સોનું મળતું નથી.

નશીબ અને ભાગ્ય સબળ અને સફળ ત્યારે જ થાય છે જ્યારે કર્મના ફળ પાકે ત્યારે બાકી નજર આગળ ફળ - પડ્યું હોય તો દેખાતું નથી, હાથમાંથી છીનવાઈ જાય - મોઢે આવેલો કોડિયો પણ પડી જાય છે.

સુવિચાર

- સુધારા લેવા જેવી છે ભૂલ, ભૂલી જવા જેવી છે અન્યની ભૂલ, એટલું જો માનવ તું કરી લે, તો રોજ ઊગે સુખના ફૂલ - **એસ. ભટ્ટાચાર્ય**
- જીંદગી જીવા આસાન નહીં હોતા, બિના સંઘર્ષ કોઈ મહાન નહીં હોતા, જબ તક ના પડે હથોડોં કી માર, તક તક પથ્થર ભી ભગવાન નહીં હોતા - **મુંબઈ સમાચાર**
- જીવનમાં જયારે મુશ્કેલી વહાણ જેવડી તોતિંગ લાગે ત્યારે યાદ રાખજો કે પ્રભુના આશીર્વાદ સાગર જેટલા વિશાળ હોય છે - **ભાવિન ગોપાણી**
- સફળતાનું તાળું ફક્ત અથાગ મહેનત, કાર્ય ક્ષમતા, ગ્રહમશક્તિ અને દષ્ટિકોણનો સમન્વય સાધતી ચાવીથી ખૂળે છે - **સુરેશ દલાલ**
- નફા વગરનો વેપાર નકામો, દાન વગરનું ધન નકામું, કાબુ વગરનું મન નકામું, વજન વગરની વાત નકામી, ભજન વગરની પ્રભાત નકામી, માનવતા વગરનું જીવન નકામું, અને બોલ્યો ફરે તે માનવી નકામો - **રમણ મહર્ષિ**
- મહાન વ્યક્તિ પણ સામાન્ય માનવી જેવી હોય છે, પરંતુ તેમના લક્ષ્યાંક અસામાન્ય હોય છે - **ભૂપત વડોદરિયા**
- આજનું ઔષધ : એક ગ્રામ તજ પાઉડર, પાંચ ગ્રામ પાઉડર, એક સો મીલી નવશેકા પાણી સાથે લેવાથી પેટ સાફ આવે છે.

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

બાદશાહ અકબર આગ્રામાં એક મહિનો રોકાવાના હતા ત્યારે એક ફકીરને એમ થયું કે મારે અકબર ને મળવું છે. ફકીર ને દરવાને રોકયા અને કહ્યું, 'બાદશાહ ને મળવા માટે સમય માગો, દિવસ માગો રજા મળે પછી જ મળી શકાય. વળી મળવા જવામાં આવા ફાટેલા કપડાં નહીં ચાલે, સુઘડ, સ્વચ્છ, વ્યવસ્થિત કપડા પહેરવા પડશે, ચોક્કસ સમયે આવવું પડશે અમુક મિનિટ જ બાદશાહ મળી શકશે.'

ફકીરે કહ્યું, 'હું આવું બધું નહીં કરી શકું, હું તો ગરીબ, રંક અકિંચન છું.' ફકીરને એટલી ખબર હતી કે એકબર ને તથા બેગમને સંગીત પ્રિય છે. એટલે ફકીરે બાદશાહના મહેલની નજીક ઝૂંપડી બનાવી. ફકીરે સારો વીણાવાદક હતો એટલે રાત્રે તેણે વીણા પર એક રાગ વગાડ્યો શરુ કર્યો. બેગમે વીણા સાંભળી અકબરને જગાડ્યા. ઝરુખામાંથી જોયું તો ઝૂંપડીમાંથી થોડોક પ્રકાશ આવતો હોત અને વીણાના સ્વર પર ત્યાંથી જ આવતા હતા.

અકબર અને બેગમ બંને મોહિત થઈ ગયા અને કોઈને પણ કહ્યા વિના ઝૂંપડી પર પહોંચી ગયા. દ્વાર ખખડાવીને કહ્યું, 'દરવાજો ખોલો, હું શાહ અકબર છું, આપના દર્શન કરવા ઈચ્છુક છું, આપનું સંગીત સાંભળવા આવ્યો છું.'

ઝૂંપડીનું દ્વાર ખુલ્યું બાદશાહે ફકીરને પ્રણામ કર્યા, ફકીરની આંખો ભીની થઈ ગઈ. તેણે બાદશાહને કહ્યું, 'આલમપનાહ, મારી યોજના સફળ થઈ ગઈ. આપના દરવાન તો મને મળવા દેવા માગતા ન હતા. તેઓએ મને કહ્યું કે, અમુક સમય જ મુલાકાત મળશે. અમુક વસ્ત્રો પહેરવા જ પડશે આથી મેં આપને પ્રિય સંગીતની વાત મેં અમલમાં મૂકી આપશ્રીને મારી ઝૂંપડીમાં બોલાવ્યા છે.'

રાજનીતિને 'મૂલ્યમુક્ત' કરી રહેલા મહારથીઓ

તંત્રીસ્થાનેથી...

આખરે કર્ણાટક કાંડ ભારતીય રાજકારણમાં એક ખૂબ જ નકારાત્મક ઘટના તરીકે અંકિત થઈ ગયો છે. બેઉ મુખ્ય રાજકીય પક્ષો માટે કર્ણાટક પ્રતિષ્ઠાનો પ્રશ્ન બની ગયું હતું. બધાં જ મૂલ્યો નેવે મૂકીને માત્ર સત્તા મેળવવા કે ટકાવી રાખવાના એક માત્ર ધ્યેય સાથે બેઉ મુખ્ય પક્ષોએ એમની તમામ તાકાત લડાવી દીધી હતી છતાં બે પૈકી એકે સત્તા માટે જરૂરી સાદી બહુમતીના આંકડા સુધી પહોંચી ન શક્યા. ત્રીજું સ્થાનિક રાજકીય પરિબળ પોતાના મર્યાદાઓથી વાકેફ હતું પરંતુ એ કિંગમેકરની ભૂમિકામાં આવવાને બદલે એના નેતા એચ.ડી. કુમારસ્વામી સંજોગવશાત્ સીધા જ 'કિંગ' બનવાની ભૂમિકામાં આવી ગયા. રાજયપાલ વજુભાઈ વાળા કોંગ્રેસી હોત તો એમણે કોંગ્રેસ - જેડી (એસ) ગઠબંધનને જ સત્તાની સોંપણી કરવાનો નિર્ણય કર્યો હોત. તેઓ ભાજપ નેતા રહ્યા છે અને વર્તમાન વડાપ્રધાન નરેન્દ્ર મોદી માટે તો પોતાની રાજકોટની બેઠક ખાલી કરી આપી એમની મીઠી નજરમાં વસેલા છે. એમણે દેખીતી રીતે જ બૉસની આજ્ઞાનું પાલન કરીને ૧૦૪ બેઠકો પર અટકી ગયેલા ભાજપના નેતા યેદિયુરપ્પાને મુખ્યમંત્રી પદના શપથ લેવડાવી દઈ પાર્ટી અને હાઈકમાંડ તરફની વફાદારી પુરવાર કરી દીધી છે. રાજયપાલનું પદ બંધારણીય ગરિમા ધરાવતું પદ છે. એણે પક્ષીય ધોરણે વિચારવાનું પ્રિય જ નહીં. એણે તો બંધારણીય જોગવાઈઓ મુજબ જ વર્તવાનું હોય. કમનસીબે ગુજરાતના પનોતા પુત્ર અને કર્ણાટકના રાજયપાલશ્રી એવો વિવેક જાળવી શક્યા નથી. એની ગંભીર નોંધ સર્વોચ્ચ અદાલતે પણ લીધી છે અને કડક શબ્દોમાં ટીકા પણ કરી છે. રાજયપાલ પાસે જ વિશેષાધિકારો છે એમનો દુરુપયોગ થયો હોવાનું સર્વોચ્ચ અદાલતે નિરીક્ષણ કર્યું છે. આ એક ખૂબ જ કમનસીબ બાબત છે. રાજયપાલના આ પ્રકારના 'સ્વવિવેક' થી એમણે પ્રસ્થાપિત કરેલા મુખ્યમંત્રી યેદિયુરપ્પાને ખુલ્લંખુલ્લા હોર્ટ ટ્રેડિંગની તક સાંપડી છે. એમને રાજયપાલશ્રીએ તો પૂરા પંદર દિવસ આપ્યા હતા. સુપ્રીમ કોર્ટે એની વિરુદ્ધ ભારે નારાજગી દર્શાવી ચોવીસ કલાકમાં જ ફલોર પર બહુમતી સિદ્ધ કરવાનો આદેશ આપી બિટવિન ધ લાઈન્સ ઘણું બધું કહી દીધું છે. રાજકારણ હવે સેવાનો માર્ગ છોડી લુક્રેટિવ બિઝનેશ બની ગયેલ છે. યેદિયુરપ્પા પાસે કોંગ્રેસ-જેડી (એસ)ના લાલચુ ધારાસભ્યોને ગેરહાજર રાખવાનો અથવા રાજીનામાં અપાવવાનો વિકલ્પ છે. તેઓ સ્વજાતિના ધારાસભ્યોને પક્ષપલટો પણ કરાવી શકે એમ છે. કહેવાતી મૂલ્યનિષ્ઠ રાજનીતિના પક્ષધર વડાપ્રધાન નરેન્દ્ર મોદીની રહેમનજર હેઠળ આવા ખતરનાક ખેલ ખેલાઈ રહ્યા હોય ત્યારે જેમના નામની દુહાઈ આપી આપીને તેઓ ભાજપ માટે ઢગલા મોઢે વોટ મેળવતા રહ્યા છે તે બંધારણ-બાબાનો આત્મા કેટલો દુભાતો હશે ! દેશને 'કોંગ્રેસ મુક્ત' કરવા નીકળેલા આ મહારથી રાજકારણને 'મૂલ્ય મુક્ત' અને ધારાસભ્ય પદને 'મૂલ્યમુક્ત' કરી ચૂક્યા છે, એ કહેવાતી જરૂર ખરી ?

શક્કર ટેટી (મક્સમેલોન)

મેડીકલ સાયન્સ લોકોનો ભલા માટે છે. માણસો અને માનવીઓ એટલે કે આપણાના દેશના હોય, ગામના હોય, રાજ્યના હોય કે પછી દુનિયાના હોય. બધા જ સરસ રીતે જીવન જીવી શકે અને મુશ્કેલી પડે ત્યારે તેમને મદદ કરી શકાય એવી ઉમદા ભાવનાથી શરૂઆત થઈ હશે કદાચ. આપણા દેશમાં તો હજ્જારો વર્ષથી ઋષિમૂનિઓ ચરકસંહિતાથી માનવ સેવા કરી જ રહ્યા હતા અને અત્યારે પણ કરી રહ્યા છે માટે જ આપણે ઘરમાં વપરાતી રોજબરોજની વસ્તુ પર વધારે ધ્યાન આપીએ છીએ. સામાન્ય રીતે દરેકને ઘરમાં ફળો વધારે ખવાતા થાય અને એ ફળમાં શું તાકાત છે, પ્રમાણસર જો ફળો લેવામાં આવે તો એ તમારા ખોરાકનો આધાર બની શકે છે. ખાલી અમસ્તા અમસ્તા ફળો ખવાય પણ વિચારીને ખાવાથી આપણને એનો શો લાભ થાય છે અને એમાંથી શું ફલિત થાય છે એનું થોડું ઘણું માર્ગદર્શન મળે માટે આપણો ફળોની વાત લઈએ છીએ....એટલે જે સિઝનમાં જે ફળ મળે તેનો મારવાડીની રીતે ઉપયોગ કરી શરીરને તંદુરસ્ત રાખીએ...

ભઈ આ તો અમે લખી નાખ્યું. પણ તમને મજા આવે છે કે નહીં ? એ પણ અમને જણાવો તો અમને પણ મજા આવે કે વધારે અભ્યાસ કરી વધુ માહિતી આપ સુધી પહોંચાડી શકીએ... હવે વિષય પર આવીએ... વાતો તો બહુ કરી પણ વાતોથી પેટ થોડું ભરાય અને હા આ વાંચ્યા પછી ફળોનો ઉપયોગ કરો તોજ અમારું લખેલું દીપી ઉઠશે. હવે વાત લઈએ શક્કર ટેટીની... શક્કર ટેટી આમ તો બારેમાસ મળતી હોય છે. બારેમાસ ખવાય.. પણ ઉનાળામાં વધારે સારી ઉત્તમ કક્ષાની મળતી હોય છે. શક્કર ટેટીમાં વધારે પ્રમાણમાં પાણી રહેલું હોય છે. એટલે તડબુચ, શક્કર ટેટી અને કેરી એની ઉપર આપણે ચર્ચા કરી. શક્કર ટેટીમાં શું શું રહેલું છે ? પહેલા એ આપણે જાણી લઈએ કે એની ન્યૂટ્રેશિયલ વેલ્યુ શું છે એ જાણવું પણ જરૂરી છે. અંગ્રેજીમાં એને મક્સમેલોન કહે છે. એક કપમાં કેટલા ગ્રામ શું રહેલું છે એ પણ આપણે જાણી લઈએ... એક કપમાં ૫૩ ટકા કેલરી, ૦.૩ ગ્રામ ચરબી, કાર્બોહાઈડ્રેશ ૧૩ ગ્રામ, ફાઈબર ૧.૦૪ ગ્રામ, સુગર ૧૨ ગ્રામ છે. પ્રોટીન ૧.૩ ગ્રામ, વિટામિન-એ ૩.૨ ઈન્ટરનેશનલ યુનિટ, વિટામિન-સી ૪૦.૦૫ ઈન્ટરનેશનલ યુનિટ, પોટેશિયમ ૫૩૧.૯૮ મિલિગ્રામ, વિટામિન-બી૬ એક કરતા ઓછા મિલિગ્રામ, કેલ્શિયમ ૧૪ મિલિગ્રામ, મેગ્નેશિયમ ૧૯ મિલિગ્રામ, સોડિયમ ૨૩ મિલિગ્રામ, ટૂંકમાં આટલી વસ્તુઓ એક કપ શક્કર ટેટીમાં સમાયેલ હોય છે. હવે આપણે જાતે જ નક્કી કરી શકીએ કે આપણે કેટલી શક્કર ટેટી ખાવી જોઈએ. જ્યારે જ્યારે આપણે શક્કર ટેટી ખાઈએ છીએ ત્યારે એક કપ ખાતા નથી. એક મોટા વાટકામાં ૩૦૦-૪૦૦ ગ્રામ શક્કર ટેટી આવી જાય એટલું આપણે હાલતા—ચાલતા ખાઈ લઈએ છીએ. એનો મતલબ એ થાય કે ન જમીએ અને શક્કર ટેટી જો વાટકા ખાઈ જઈએ તો આપણા શરીરને જોઈતું બધું જ મળી જાય. પણ આપણે ભૂલ એ કરીએ છીએ કે શક્કર ટેટી કે કોઈપણ ફળ જમ્યા પછી બે વાટકા ખાઈએ છીએ. જેના લીધે આપણને જે શક્તિ મળવી જોઈએ એ વધારે પ્રમાણમાં મળે છે. અને જે ફાયદો થવો જોઈએ એના કરતા કદાચ ગેરફાયદો વધારે થતો હોય છે. હવે તમે સવાલ પૂછશો કે ભઈ શરીરને અને ક્યાં રોગમાં કેટલો ફાયદો થાય છે... એ પણ જાણીએ... અને એ પણ જાણીએ કે વધારે પડતી શક્કર ટેટી ખાવાથી આપણને નુકસાન શું થાય છે. આમ તો એવું કહેવાય છે કે તમારી ઈચ્છા હોય તેટલા ફળો ખાવ એનાથી નુકસાન નથી. મોટે ભાગે આ વાત સાચી છે. છતાં પણ જમ્યા પછી વધારે પ્રમાણમાં કોઈપણ ફળ ખાવાથી નુકસાન થઈ શકે છે. અને કશું ન થાય તો તમારું વજન વધે જ.

ચાલો બહુ થયું... શક્કર ટેટી બ્લડપ્રેશરના દર્દીઓને વધારે પોટેશિયમ હોવાથી લાભદાયક છે અને બી.પી.વાળા દર્દીઓએ શક્કર ટેટી ખાવી જ જોઈએ. તમારા આંખનું વિઝન ખૂબ જ સારું બને છે. કારણ કે વિટામિન-એ તમારી આંખ માટે ઉત્તમ છે. **(ક્રમશઃ)**

ભારતની ૨૨ ભાષાઓનો શબ્દકોશ : ભારતીય ભાષાકોષ

આજે વિશ્વભરમાં માતૃભાષાઓનું મહત્ત્વ વધી રહ્યું છે. દરેક, દેશો, રાજયો, પ્રદેશો પોતપોતાની રાષ્ટ્રભાષાને શિક્ષણ, સાહિત્ય, સમાજ અને શાસન વ્યવસ્થામાં ખૂબ જ મહત્ત્વ આપી રહ્યા છે. કોઈ પણ ભાષાનું અસ્તિત્વ ટકાવવા અને એને સમૃદ્ધ કરવા માટે સૌથી મોટું પરિબળ એ ભાષાના 'શબ્દકોશો' છે. વિશ્વની બધી જ ભાષાઓ પરિવર્તનશીલ હોવાથી દરેક ભાષામાં સમયાંતરે નવા શબ્દકોશો બનતા રહેવા જોઈએ કેમ કે આજે દર પાંચ વર્ષે આખો યુગ બદલાઈ રહ્યો છે. ટેકનોલોજી અને સંશોધનો બદલાઈ રહ્યા છે. જુદા-જુદા રાજયો અને દેશોની સંસ્કૃતિઓ એકબીજા સાથે જોડાઈ રહી છે. અનેક ભાષાઓનું મિશ્રણ થઈ રહ્યું છે. નવા નવા શબ્દો ભાષામાં ઉમેરાયા જાય છે આ બધા પરિવર્તનો સાચવવા માટે પણ કોશોની રચના થવી જરૂરી છે.

ભારત સરકારના માનવ સંસાધન વિકાસ મંત્રાલયના કેન્દ્રીય હિન્દી નિર્દેશાલય - નવી દિલ્હી દ્વારા ભારતની બધી જ માન્ય ભાષાઓને હિંદી સાથો જોડીને કોશો બનાવવાનું પ્રસંશનીય કાર્ય થઈ રહ્યું છે. રાષ્ટ્રભાષાની જેમ પ્રાદેશિક ભાષાઓનું પણ એક સૌંદર્ય હોય છે. જેને સુરક્ષિત રાખવા આવા શબ્દકોશોનું નિર્માણ થાય તે જરૂરી છે. નિર્દેશાલય દ્વારા દ્વિભાષી અને ત્રિભાષાના ઘણાય કોશોનો પ્રકાશન થઈ ચૂક્યું છે. પરંતુ ઈ.સ. ૧૯૮૪માં સૌપ્રથમવાર સંવિધાનની તત્કાલીન આઠમી અનુસૂચિત ૧૪ ભાષાઓમાં સૌપ્રથમવાર હિંદી, પંજાબી, ઉર્દૂ, કાશ્મિરી, સિંધી, મરાઠી, ગુજરાતી, બંગલા, અસમિયા, ઓડિયા, તેલુગુ, તમિલ, મલયાલમ અને કન્નડનો સમાવેશ થયેલો અને આ ૧૪ ભાશાનો કોશ પ્રગટ થતા જ દેશભરમાં એને ખુબ આવકાર મળેલો. ત્યાર પછી ૧૯૯૩નાં સંવિધાનમાં ત્રણ નવી ભાષા ઉમેરાયેલી. કોંકણી, નેપાલી અને મણિપુરી. આમાં સંસ્કૃતને જોડીને ફરીથી ૧૮ ભાષાનો કોશનું નવસંસ્કરણ થયું. આ બીજા નવસંસ્કરણ વખતે અગાઉની ૧૪ ભાષાના વિદ્વાનોને પણ ફરીથી બોલાવી એ ભાષાઓનું પુનઃપરામર્શન કરાવી એમાં થયેલા ફેરફારોને પણ નોંધવામાં આવ્યા હતા. ત્યાર પછી ૨૦૦૩માં બીજી ચાર ભાષા, ડોંગરી, સંથાલી, મૈથિલી અને બોડો, ઉમેરાયેલી જેનો સમાવેશ કરીને હવે ૨૨ ભાષાઓનો કોશ બની રહ્યો છે.

આ શબ્દકોશમાં શબ્દોની પસંદગી માટે હિંદીના પ્રખર ભાષા વૈજ્ઞાનિક, વિદ્વાનોની સમિતિ બનેલી જેમણે જનસાધારણ અને ભારતીય ભાષાઓ શીખવવાળા વિદ્યાર્થીઓને ઉપયોગી થાય એવા હેતુથી સામાન્ય વ્યવહારમાં ઉપયોગી હોય દેશવ્યાપી સામાજિક સાંસ્કૃતિક અને ભાષાત્મક એકતાના દ્યોતક હોય એવા પાંચ હજાર શબ્દોની પસંદગી કહી છે. વળી આ શબ્દોની પસંદગી વખતે કેટલીક બાબતોને પણ ધ્યાનમાં રાખવામાં આવેલી (૧) જો તત્સમ અને તદ્ભવ બંને રૂપ સમાન હોય હો તો વધુ પ્રચલિત હોય તેને મુખ્ય પ્રવિષ્ટિના રૂપમાં એનું તત્સમરુપ જ સ્વીકારાયેલું છે. તથા તદ્ભવરુપ કૌંસમાં લીધું છે. (૨) જો તદ્ભવરૂપ તત્સમ કરતાં જુદું પડે છે અર્થ પરિવર્તન થઈ ગયું છે. તો બંને રૂપો લેવામાં આવ્યા છે. (૩) તદ્ભવ તેમ જ દેશમાં શબ્દોના વિવિદ રૂપોમાંથી જે વધુ પ્રચલિત રુપ છે. તેને પ્રવિષ્ટિના રૂપમાં લેવામાં આવ્યું છે. (૪) અહીં શબ્દોની વ્યુત્પતિ અને વ્યાકરણિકરૂપ સામેલ કરાયું હતું. આવી બાબતો ધ્યાનમાં રાખીને શબ્દોની પસંદગી કરાઈ છે.

આ ૨૨ ભાષાના કોશમાં હિંદીની સાથે-સાથે અન્ય તમામ ભાષાઓના પર્યાયોની લિપિ પણ દેવનાગરી જ રાખવામાં આવી છે. આ કોશની વિશેષતા એ છે કે એમાં મુખ્ય શબ્દ 'હિંદી' લેવાયો છે. પછી એની વ્યાકરણ કોટિ, પછી એના મુખ્ય અને મહતત્વના હિંદી પર્યાયો, અર્થો અપાયા છે અને ત્યાર પછી એ જ લાઈનમાં ૨૨ ભાષાઓના અર્થો સમાવિષ્ઠ કરાયા છે.

જેમને કે હિંદી શબ્દ છે. 'અંધકાર' જેને પંજાબીમાં, 'હનેરા' કાશમીરીમાં 'અનિગોટ', કોંકણીમાં 'કાળોખ', મણિપુરીમાં 'અમંબા' ઉર્દૂમાં 'મુહમ્મત' કાશ્મીરીમાં 'ટાઠિન્યાર'. બંગલામાં 'તાલોબાસા' અસમિયામાં 'ચેનેહ', મણિપુરીમાં 'નુડશિલા', તમિલમાં 'અન્બુ', મલયાલમમાં 'સ્નેહમ્' તે વળી પંજાબી, મરાઠી, ગુજરાતી, કોંકણી, નેપાલી, બંગલા, અસમિયા, ઓંડિયા, તેલુગુ, કન્નડ આ બધી ભાષાઓમાં પણ 'પ્રેમ' શબ્દ પ્રચલિત છે. ૨૨ ભાષાના આ કોશમાં આવા અનેક જનસાધારણ ઉપયોગી હિંદી શબ્દો દરેક ભાષાના અર્થો - પર્યાયો સાથે નિરુપિત થયેલા હોવાથી ભાષાશિક્ષણ અને અનુવાદની દૃષ્ટિએ આ કોશ ખૂબ જ ઉપયોગી સિદ્ધ થાય છે. વળી આ કોશના શબ્દોનો ઝીણવટપૂર્વક અભ્યાસ કરવાથી. અન્ય ભાષાઓના શબ્દો - અર્થો એકબીજા સાથે સરખાવીને એની વ્યાકરણગત - વ્યુત્પતિગત સંસ્કારિતા પણ જાણી શકાય છે.

આ ભારતીય ભાષા કોશનો દળદાર ગ્રંથ એક જ છે પણ આ એક ગ્રંથને અંદર બે ખંડોમાં વિભાજીત કરાયો છે. એકમાં સામાન્ય જનજીવન વપરાશના શબ્દો અને બીજા ખંડમાં 'સાહિત્યિ, સામાજિક, શૈક્ષણિક ક્ષેત્રના મહત્ત્વના પારિભાષિક શબ્દો, તો વળી આયુર્વિજ્ઞાન, તકનીકી, મેડિકલ, સંસ્કૃતિ, સંસદીય, વ્યંજનાદિ, વિધિશબ્દાવલિ, વાદ્ય, હોસ્પિટલ, પદ-હોદ્દા, ઉપકરણ, ઋતુ-કાલ-દિશા, કાળ, દિવસ-મહિના, કીડા, મકોડા, પશુ-પક્ષી જળચરપશુ, સરકતા પ્રાણીઓ, રમત-ગમત, ઘરેણાં, પ્રશાદન, અંક ગણના, ઘરગથ્થુ સામાન, મરી મસાલા, રસોડાનો સમાન, પોસ્ટ ઓફિસ, શાકભાજી, ફળફૂલ,સૂકો મેવો, ખનીજ, પોશાક, પ્રશાસનિક શબ્દ, બેન્ક, સચિવાલય, મનોરંજન, કળા, વાદ્ય, રંગ, કાયદા-કાનૂન, વાહન/ખાવાની વસ્તુ, વ્યાવસાયિક સંસદીય, સંસ્કૃતિ, પૂજા-અર્ચના, સગાવહાલાં અને સૈન્ય આ બધા વિભાગોના અર્થો આપણને આ કોશમાંથી મળી આવે છે.'

આ કોશનું કામ સંભાળતા સહાયક નિર્દેશક ડૉ. રાકેશકુમારે કોશની ઉપયોગીતા વિશે જણાવતા કહ્યું કે આ પ્રકારનો કોશ ભારતમાં પ્રથમવાર થાય છે. ભાષા અને સંસ્કૃતિની ઓળખ થાય છે. તો વળી નિદેશાલયના અધિકારી ડૉ. જગદીશ યાદવ અને ડૉ. કિરણ ઝા પણ રસ, ખંત અને નિષ્ઠાપૂર્વક પોતાની કામગીરી બજાવે છે.

આ કોશમાં સર્વ ભાષાના વિદ્વાનોમાં ડૉ. જે.એલ. રેડ્ડી, અરુણ હોતા, ડૉ. ભારતભૂષણ શર્મા, ડૉ. ચંદ્રલેખા, ડૉ. કનૈયાલાલ ભટ્ટ, ડૉ. દયાનંદ ભૂયમ, ડૉ. સુમનકુમાર જહા, ડૉ. નોદનાથ મિશ્ર, ડૉ. ટી.જે. પ્રભાશંકર, શ્રીમતી સુવદની દેવી, ઉમાકાંત ખુલાબકર, વિષ્ણુ બહાદુર ગુરુંગ તથા અન્ય ભાષાઓના વિદ્વાનોને પોતાની સેવાઓ આપી છે.

આ કોશ ભારતીય ભાષાઓની સંસ્કૃતિની એકતા સમાન છે. આ પ્રકારના કોશનું પ્રકાશન અને નિર્માણ ખર્ચ ખૂબ જ હોવાથી ખાનગી વ્યાવસાયિક સંસ્થાઓ કે પ્રકાશો એનું પ્રકાશન કરી શકતા નથી. પરંતુ કેન્દ્રીય હિંદી નિર્દેશાલય દ્વારા નિર્મિત આ બારતીય ભાષા કોશ એક સાથે ૨૨ ભાષાના શબ્દકોશ લેખે વિશ્વમાં સર્વપ્રથમકોશ છે, ભારતની તમામ સ્કૂલો, કૉલેજો અને યુનિવર્સિટીઓની લાઈબ્રેરીમાં આ કોશ જરૂર હોવો જોઈએ.

કર 'નાટક'... ભાજપ... કોંગ્રેસ અને ઈલેક્શન '૨૦૧૯'..!

આ લેખ શુક્રવારે લખાઈ રહ્યો છે અને જ્યારે રવિવારે વંચાતો હશે ત્યારે કર્ણાટકના નાટકનો પરદો પડી ગયો હશે કે પછી વધુ બીજા નાટકો ભજવવાના શરુ થઈ ગયા હશે એ કહેવું અત્યારે મુશ્કેલ છે પણ એક વાત ચોક્કસ છે કે કદાચ ટેમ્પરરી સરકાર રચવાની અવઢવની પરીશથીતીનો નિવેડો આવી જશે કેમકે આ લખાય છે ત્યારે સુપ્રીમ કોર્ટે યાદુરપ્પાને શનિવારે બહુમતી પુરવાર કરવાનો હુકમ કરી દીધો છે. કર્ણાટકમાં ઘોડા-વેચાણ (હોર્સ ટ્રેડીગ) પુરજોશમાં ચાલુ થઈ ગયું છે, ઈવન એ તો પરિણામ આવ્યું ત્યારથી જ શરુ થઈ ગયું છે. કર્ણાટકનો ગઢ જીતવા ભાજપ અને કોંગ્રેસ બંને મરણીયા થયા છે. સત્તા મેળવવા કે ટકાવી રાખવા અનેક પ્રકારના હથકંડા અપનાવાતા થયા છે એ કહેવાની કોઈ જરૂર લાગતી નથી. શનિવારે જે થાય એ પણ એક વાત નક્કી છે કે સરકાર કોઈ પણ બનાવે પણ કર્ણાટક વિધાનસભાની પ્રવાહી સ્થિતિ આગળ પણ ચોક્કસ ચાલુ રહેવાની જ... કેમકે જો ભાજપ સરકાર બનાવે તો પણ એણે બહારથી ટેકો આપતા લોકોને સાચવવા પડશે અને જો કોંગ્રેસ-જેડીએસ સરકાર બનાવે તો આજે નહિ તો કાલે પણ મોટા પક્ષ તરીકે કોંગ્રેસ અને નાના પક્ષ તરીકે જેડીએસ વચ્ચે ટકરાવ નક્કી જ છે , હા એવું બને કે કદાચ ૨૦૧૯ સુધી આ ટકરાવ દેખાય નહિ!

ખેર સરકાર ભાજપ બનાવે કે કોંગ્રેસ અને જેડીએસ પણ એક વાત સાફ છે કે કર્ણાટકના પરિણામોએ દેશના બંને ટોચના પક્ષો ભાજપ અને કોંગ્રેસને જુદી જુદી રીતે વિચારવા મજબુર તો કરી જ દીધા છે. ૨૦૧૯ની સંસદની ચૂંટણી હવે કાઈ બહુ દુર છે નહિ એવામાં ભાજપ ફરીથી સત્તા પર આવવામાં અને કોન્ગ્રેસ્સ ભાજપને ફરીથી સત્તા પર આવવામાં રોકવામાં પોતાનો બધો સમય અને શક્તિ ખર્ચવાના છે એવામાં કર્ણાટક અને કર્ણાટકના પરિણામો બંને પક્ષો માટે લર્નિંગ લેશન બની રહેવાના. અને અત્યારે ખાસ કરીને કર્ણાટકના પરિણામો પછી ભાજપ અને કોંગ્રેસની લડાઈમાં હાલ તુરંત ભાજપનું પલ્લું સહેજ ભારે દેખાઈ આવે છે. મતદાન પછીના મોટાભાગના ઓપીનીયન પોલ કોઈ પણ પક્ષને બહુમતી આપવાની ના પાડતા હતા અને થયું પણ એવું જ અને આમેય કર્ણાટકની જનતાનો ટ્રેન્ડ રહ્યો છે કે એ મોટે ભાગે સત્તાધારીને ફરી રીપીટ નથી કરતા. નો ડાઉટ કોંગ્રેસનું નંબર બે પર રહેવું એ કર્ણાટકની જનતાનો સીદ્ધારામૈયા સરકાર પરનો ગુસ્સો જ છે છતાં પણ જે રીતે કોંગ્રેસ અને જેડીએસ સાથે આવ્યા છે એ જોતા આ સમીકરણો આવનારી રાજકીય સફરમાં નવા મુકામો લાવીને જ રહેશે એવું લાગે છે...!

ખેર શરૂઆત ભાજપથી જ કરીએ કેમકે સત્તા પર એ છે અને આવનારી ચૂંટણીમાં સત્તા ટકાવી રાખવાનું પ્રેશર એના પર વધુ છે. કર્ણાટકમાં સરકાર બનાવવી ભાજપ માટે એટલા માટે પણ વધુ અગત્યની છે કે એનાથી ભાજપના સૂત્ર અને અમુક અંશે ભાજપની મંશા એવા 'કોંગ્રેસ મુક્ત ભારત'વધુ આગળ વધશે, કેમકે જો કર્નાટકમાં ભાજપ સરકાર આવે તો ઈટ મીન્સ કે કોંગ્રેસ માત્ર મિઝોરમ, પંજાબ અને પોંડેચરી પુરતી જ સીમિત રહી જશે અને કોંગ્રેસની હાલત રાષ્ટ્રીયમાંથી પ્રાદેશિક પક્ષની થઈ જશે અને એનો સૌથી વધુ અને સીધો લાભ ભાજપને ૨૦૧૯મા થશે. આમેય રાહુલ ગાંધી ગળું ફાડી ફાડીને કહે જ છે કે ભાજપ સરકારમાં વિરોધપક્ષનું કોઈ અસ્તિત્વ છે જ નહિ એ સાચું પડતું જશે કેમકે બાકીના જે પણ પ્રાદેશિક પક્ષો વિરોધપક્ષોમાં છે એ પહેલા પોતાના પ્રદેશમાં પોતાની પોઝીશન તરફ વધુ ધ્યાન આપશે અને એમાંથી નવરા થશે તો મોદી અને ભાજપને ટક્કર આપવાનું વિચારશે.

કર્ણાટક ભાજપ માટે એટલા માટે પણ અગત્યનું છે કે એ દક્ષિણમાં એમણે બનાવેલી સરકારવાળું રાજ્ય છે એક રીતે કહી શકાય કે ભાજપ માટે કર્ણાટક દક્ષિણનું પ્રવેશદ્વાર છે કેમકે કેરળમાં હજુયે કોંગ્રેસ અને સીપીએમનો દબદબો છે તો તામીલનાડુમાં હજુ ગજ વાગે એમ નથી તો આંધ્ર અને તેલંગાનામાં લોકલ પાર્ટીઝનો જ દબદબો છે એવામાં વધ્યું એકમાત્ર કર્ણાટક...! આ વર્ષના અંત સુધીમાં મધ્યપ્રદેશ અને રાજસ્થાનની પ્રતિષ્ઠિત ચૂંટણીઓ પણ આવવાની છે અને ત્યાં પણ ભાજપ વિરુદ્ધ કોંગ્રેસનો સીધો સામનો થવાનો છે એવામાં ૨૦૧૯ પહેલા શક્ય એટલી વધુને વધુ સરકારો બનાવવાનો ઈરાદો મોદી-શાહની જોડીનો હોય એ સ્વાભાવિક છે જ ...! ચિંતાની વાત ભાજપ માટે એ છે કે રાજસ્થાનમાં ઓલરેડી એન્ટી ઈન્કમબંસીની શક્યતાઓ સેવાઈ રહી છે તો મધ્યપ્રદેશમાં કદાચ સરકાર રીપીટ થાય તો પણ પહેલા જેવો ઠસ્સો કે સંખ્યા નહિ હોય એવું રાજકીય પંડિતોને લાગી રહ્યું છે એવામાં કર્ણાટકમાં સરકાર હોવી ભાજપ માટે એટલીસ્ટ ૨૦૧૯ને નજરમાં રાખીને પણ બહુ જરૂરી છે જ...!

તો સામે છેડે દેશમાં સિમટ કે રહને લગતી હુઈ કોંગ્રેસ માટે કર્ણાટક ટકાવી રાખવું એ રાજકીય કરતા પણ પોતાની હયાતી ટકાવી રાખવા માટે વધુ અગત્યનું છે. કર્ણાટકમાં કોંગ્રેસ માટે એક આશ્વાશનના સમાચાર એ ગણી શકાય કે પ્રમુખ બન્યા પછી રાહુલે આ ચૂંટણીમાં મોદીને બરાબરની ટક્કર આપવાની કોશિશ કરેલી. ગુજરાત પછી આ બીજી એવી ચૂંટણી હતી કે જેમાં રાહુલે અત્યંત આક્રમકતાથી અને મજબુતાઈથી મોદી સામે હલ્લા બોલ કરેલું. ઈન્ફેક્ટ રાહુલે તો વાતવાતમાં ૨૦૧૯મા મને વડાપ્રધાન બનવામાં કોઈ વાંધો નથી એવું પણ કહેલુ. જો કે કર્ણાટકમાં કોંગ્રેસનો દેખાવ અપેક્ષાથી ઉણો જ ઉતર્યો કહેવાય છતાં પણ જો કોંગ્રેસ ઓછી સીટવાળી જેડીએસ સાથે મળીને સરકાર રચી શકે છે તો ભારતીય રાજનીતિમાં અને ખાસ કરીને કોન્ગ્રેસમાં એક નવી નીતિ ઉદ્ભવશે... કોઈ પણ ભોગે ભાજપને સત્તાથી દુર રાખવાની આ ચાલ કદાચ કોંગ્રેસને ૨૦૧૯ની લોકસભા ચૂંટણીમાં કામ આવી શકે છે જો એ પહેલા કોંગેસ ક્ષેત્રય દળો સાથે તાલમેલ બેસાડી શકે તો...!

વાત રહી ૨૦૧૯ની તો થોડા સમય પહેલા વિરોધપક્ષો દ્વારા એક ત્રીજો મોરચો રચવાની વાત ચાલેલી અને જેના દ્વારા ભાજપના અશ્વમેઘ યજ્ઞને ૨૦૧૯મા અટકાવવાની આશા જાગેલી એને હાલ તુરંત તો કોંગ્રેસના કર્ણાટકના દેખાવને લીધે બ્રેક લાગી ગઈ છે અને આમેય મમતા જેવી તેજતરાર નેતા રાહુલનું આધિપત્ય સ્વીકારે એ વાતમાં રાજકીય પંડિતોને બહુ દમ લાગતો નથી. અને એનું કારણ છે ખુદ રાહુલનું વ્યક્તિત્વ અને એનો વ્યાપ ..! રાહુલે ભાજપને ચેલેન્જ આપતા પહેલા બીજા પક્ષોમાં પોતા તરફી વિશ્વાસ સ્થાપિત કરવો પડશે. ફક્ત અને ફક્ત ભાજપને ૨૦૧૯મા આવતો અટકાવવા ભેગા થયેલા અનેક પક્ષોના શંભુમેળાને એકબીજાના અહમને કારણે વિખાતા વાર નહિ લાગે અને ભારતીય રાજકારણે આવા દ્રશ્યો જોયેલ પણ છે. જો કે એક વાત નક્કી છે કે ભલે કોંગ્રેસ જો કર્ણાટકમાં સરકાર બનાવે તો ચાર રાજ્યો પુરતો જ હોય છતાં પણ ૨૦૧૯મા પણ ફાઈટ તો ભાજપ અને કોંગ્રેસ વચ્ચે જ રહેવાની પણ એ પહેલા કોંગ્રેસે અને ભાજપે બંનેએ જ્યાં જ્યાં એમની સ્થિતિ નબળી છે ત્યાં ત્યાં ૨૦૧૯ પહેલા ટેકેદારો શોધી રાખવા પડશે કે જે ૨૦૧૯ની સંસદ જીતવામાં કામ લાગે..!!! કર્ણાટક, મધ્યપ્રદેશ અને રાજસ્થાન એ ૨૦૧૯ પહેલાનું ટ્રેલર છે એમ ગણીએ તો પરિણામો અને મોટા પક્ષની રીતે ભાજપે કર્ણાટકમાં અમુક અંશે પોતાની શાખ સુધારી છે તો જો સરકાર બનાવી શકે તો કોંગ્રેસમાં એક નવો પ્રાણવાયુ ફૂંકાશે જે ૨૦૧૯ની ચૂંટણીને વધુ ધારદાર, સ્પર્ધાત્મક અને ઈન્ટરસ્ટીંગ બનાવશે એ નક્કી છે ...!!!